Reserve Bank of Indiaના e-Kuber પોર્ટલ સાથે રાજ્ય સરકારના IFMS Module ના Integration ને સૈધ્ધાંતિક મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઇપીટી/૧૦૨૦૧૨/CSO-૨૧/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૬/૦૪/૨૦૧૭

S. J. & E. DEPTT.
5 MAY 2017
WDMS No.....................

આમુખ:-

રાજ્ય સરકારની આવકો ચલણથી ફીઝીકલ સ્વરૂપે તેમજ e-mode થી એજન્સી બેંકો દ્વારા સ્વિકારવામાં આવે અને સરકારી ચુકવણાઓ સંલગ્ન તિજોરીઓ, પેટા તિજોરીઓ તેમજ PAO દ્વારા ચેક તથા E-Payment થી એજન્સી બેંકો દ્વારા કરવામાં આવે છે. રાજ્ય સરકારની આવકો/ચુકવણા ના સ્કોલ એજન્સી બેંકો દ્વારા સંલગ્ન તિજોરીઓ અને PAO ને મોકલવામાં આવે છે તેમજ આવકો/ચુકવણાના નાણા Reserve Bank of Indiaમાં રાજ્ય સરકારના હિસાબમાં જમા/ઉધાર કરાવવામાં આવે છે. એજન્સી બેંકો દ્વારા કરવામા આવતાં સરકારી નાણાકીય વ્યવહારોના નાણા, સરકારમાં નિયમિત જમા થાય છે કે કેમ? તેનું જિલ્લાવાર તેમજ વ્યવહારવાર સઘન મોનીટરીંગ થઇ શકે તેમજ નાણા વિભાગ કક્ષાએ રાજ્યની નાણાકીય પરિસ્થિતિના Real time Data તથા રોજેરોજની નાણાકીય સ્થિતિનું સરળતાથી મોનીટરીંગ થઇ શકે તે માટે રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ડેવલપ કરવામાં આવેલ e-kuber પોર્ટલ સાથે રાજ્ય સરકારનાં IFMS Module નું Integration કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે Reserve Bank of India ખાતેનાં રાજ્ય સરકારના બેલેન્સના Real time Data મળી શકે તેમજ નાણાંકીય વ્યવહારનું સઘન મોનીટરીંગ થઇ શકે તે માટે R.B.I. ના e-Kuber Portal સાથે રાજ્ય સરકારના IFMS Module ના Integrationને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે.

Reserve Bank of Indiaના e-Kuber Portal સાથે રાજ્ય સરકારના IFMS Module ના Integrationના કારણે કરવાની થતી વહીવટી અને ટેકનિકલ કાર્યવાહીનો વિગતવાર ઠરાવ હવે પછી અલગથી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ - વેબસાઇટ ઉપર મૂકવા માટે.
- સેલેક્ટ ફાઇલ - ઝ શાખા.